# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-2

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમયઃ 3:00 કલાક | વિષય : સામાજિક વિજ્ઞાન **(S S)** | કુલ ગુણ - 80

---

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો **A,B,C** અને **D** છે. કુલ **39** પ્રશ્નો છે.
- તમામ પ્રશ્નોના જવાબ આપવા ફરજીયાત છે.
- વિકલ્પો આતંરિક આપેલ છે. પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ-A

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[16]**

**યોગ્ય જોડકાં જોડો**

| A | B |
|---|---|
| (1) મલાવ તળાવ | [A] બિકાનેર |
| (2) કીર્તિતોરણ | [B] જોધપુર |
| (3) જડતરકામ | [C] વડનગર |
| | [D] ધોળકા |

**નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

4. બૌધ્ધ ધર્મનો મુખ્ય ગ્રંથ ત્રિપિટક ગણાય છે.
5. રાષ્ટ્રીય સ્મારકોની જાળવણીની જવાબદારી પર્યાવરણ ખાતાને સોંપવામાં આવી છે.
6. જૈવ આરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર કરાય છે.

**નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

7. જળપ્રદૂષણનો મુખ્ય સ્રોત કયો છે?
8. વૃષ્ટિજળ એકઠું કરવા શેનું નિર્માણ કરવામાં આવે છે ?
9. સુતરાઉ કાપડની પ્રથમ મિલ કયાં સ્થપાઈ હતી ?

**નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

10. ભારતમાં .......... સૌથી લાંબો ધોરીમાર્ગ કયો છે ?
    [નંબર-3, નંબર-7, નંબર-15]
11. .........એ ભારતનું સૌથી મોટું બંદર છે?
    [મુંબઈ, કંડલા, કોલકત્તા ]

12 બજાર પધ્ધતિને બીજા ...... નામે ઓળખવામાં આવે છે ?
[સમાજવાદી પધ્ધતિ, મૂડીવાદી પધ્ધતિ, સામ્યવાદી પધ્ધતિ ]

**નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

13 ભારતમાં કઈ સાલથી નવી ઔદ્યોગિક નીતિ અમલમાં આવી ?
(A) 1991 (B) 1990 (C) 1962 (D) 1993

14 ખાદ્ય, પદાર્થોની ગુણવત્તાનું નિયમન કરતી સ્વૈચ્છિક સંસ્થા કઈ છે ?
(A) BIS (B) CAS (C) ISO (D) FPO

15 ભારતમાં મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે કયા વર્ષને ઉજવવામાં આવેલ છે ?
(A) 1975 (B) 2002 (C) 1985 (D) 1999

16 ભારતીય સમાજમાં પરિવર્તન લાવનારું મુખ્ય પરિબળ કયું છે ?
(A) રૂઢિઓ-પરંપરાઓ (B) લોકમત
(C) પશ્ચિમીકરણ (D) સાક્ષરતા

## વિભાગ - B

**નીચે દર્શાવેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[20]**

17 પ્રાકૃતિક વારસો એ કુદરતી ભેટ છે .
**અથવા**
ભારતની પ્રજા આદિસમયથી પર્યાવરણપ્રેમી રહી છે ?

18 ચર્મકામ ભારતની ઘણી જૂની કારીગરી છે. સ્પષ્ટ કરો.

19 'ગોપુરમ' સ્થાપત્યનું મહત્વ સમજાવો.

20 ફતેહપુર સિકરી વિશે નોંધ લખો.

21 ભારતની વિવિધતામાં એકતા વિશે ટૂંકનોંધ લખો.

22 વન્યજીવોના વિનાશનાં કારણો જણાવો.
**અથવા**
નિર્વનીકરણ એટલે શું? તેની અસરો જણાવો.

23 બહુહેતુક યોજનાના ઉદ્દેશો જણાવો.

24 આજે બિનપરંપરાગત ઊર્જાશક્તિનો ઉપયોગ શા માટે વધ્યો છે ?
**અથવા**
આધુનિક યુગને 'ખનીજયુગ' કહે છે ? શા માટે ?

25 પશ્ચિમ બંગાળમાં શણ ઉદ્યોગની અનુકૂળતાઓ જણાવો.
**અથવા**
ભારતના ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વિશે માહિતી આપો.

26 સાંપ્રદાયિકતાને દૂર કરવા માટે શું શું કરવું જોઈએ?

## વિભાગ - C

**નીચે દર્શાવેલ પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[24]**

27 મોહેં-જો-દડોની નગર રચનામાં રસ્તાઓ અને ગટર યોજના વિશે માહિતી આપો.
**અથવા**
લોથલ ભારતનું અગત્યનું બંદર હતું સમજાવો.

28 ભારતની પ્રાચીન વિદ્યાપીઠ તક્ષશિલા વિદ્યાપીઠ વિશે નોંધ લખો.

29 પારિભાષિક શબ્દોના અર્થ આપો.
(1) રણપ્રકારની જમીન (2) ભૂમિ સંરક્ષણ (3) રાષ્ટ્રીય સંસાધન

30 મિશ્ર અર્થતંત્રના લાભ અને ગેરલાભ જણાવો.
**અથવા**

મૂડીવાદી અને સમાજવાદી પધ્ધતિ વચ્ચેનો તફાવત લખો. (ત્રણ મુદ્દાઓ)

31 પ્રાકૃતિક સાધનોના સંરક્ષણ અને સંવર્ધન માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

32 કાળું નાણું ભાવ વધારાનું કારણ છે. સમજાવો.

**અથવા**

સંગ્રહખોરી ભાવવૃધ્ધિનું કારણ અને અસર પણ છે સમજાવો.

33 જાતીય સમાનતા સ્થાપવા માટે જરૂરી ઉપાયો સૂચવો.

34 આંતકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. (ત્રણ મુદ્દાઓ)

## વિભાગ - D

**નીચે દર્શાવેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ)** **[20]**

35 'વાસ્તુશાસ્ત્ર' માં કઈ માહિતીનો સમાવેશ થયો છે ?

**અથવા**

પ્રાચીન ભારતના ખગોળશાસ્ત્ર વિશે જણાવો.

36 કૃષિના પ્રકારો જણાવી વર્ણવો.

37 શ્રમશક્તિના આયોજન માટે કયા કયા પગલાં ભરી શકાય ?

**અથવા**

બેરોજગારી દૂર કરવાના ઉપાયો વર્ણવો.

38 ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.

39 ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલ નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) કાર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન

(2) શણ ઉત્પન્ન કરતો એક પ્રદેશ

(3) સાઈકલો માટેનું ઉદ્યોગ કેન્દ્ર, દિલ્હી

(4) દિલ્હી થી કોલકત્તા જતો રેલમાર્ગ એક જંકશન સહિત દર્શાવો.